**સેમેસ્ટર - 3**

નવા અભ્યાસક્રમાનુસાર

દ્વિતીય વર્ષ બી. એ.

# બાળવિકાસ - 1

[ Core & Elective (I) 201 ]

## પસંદ તમારી ગુણવત્તા અમારી

Latest Edition
NEW COURSE
Point to Point



મયુર પ્રકાશન

# 1 બાળમનોવિજ્ઞાન : વિષયપ્રવેશ

"રાષ્ટ્રનાં બાળકો રાષ્ટ્રની સૌથી અગત્યની મહામૂલી મિલકત છે અને રાષ્ટ્રનું ભવિષ્ય બાળકોના યોગ્ય વિકાસ પર નિર્ભર કરે છે."

— રવિન્દ્રનાથ ટાગોર

**❁ અભ્યાસક્રમ ❁**

(1) બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા

(2) બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ

(3) બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર

(4) બાળમનોવિજ્ઞાનનું મહત્ત્વ

**❁ પ્રશ્નબેંક ❁**

1. બાળમનોવિજ્ઞાનની વિવિધ વ્યાખ્યાઓ આપી, તેનો અર્થ સમજાવો.
2. બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ સમજાવો.
3. બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્ર (અભ્યાસક્ષેત્ર) વર્ણવો.
4. બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ સમજાવો.

**□ પ્રકરણસાર □**

બાળમનોવિજ્ઞાનના પરિચય સાથે સંબંધ ધરાવતા પ્રથમ પ્રકરણમાં **"બાળમનોવિજ્ઞાન એટલે શું ?"** એની સમજૂતી તેની આ મુજબની વ્યાખ્યા દ્વારા આપવામાં આવી છે : **"બાળમનોવિજ્ઞાન એટલે ગર્ભાધાનથી લઈને યૌવનાવસ્થા સુધીના વર્તનના વિકાસનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતી મનોવિજ્ઞાનની શાખા."** તેની સાથે જ એક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાનનું સ્થાન કેવું છે એની સમજૂતી દ્વારા બાળમનોવિજ્ઞાનના સ્વરૂપને સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એ પછી બાળમનોવિજ્ઞાનમાં કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે એના વર્ણન દ્વારા

બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રનું સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ માત્ર મનોવિજ્ઞાનમાં જ નહિ, પણ અન્ય ક્ષેત્રોમાં યે રહેલું છે એ સમજાવવામાં આવ્યું છે.

## □ પારિભાષિક શબ્દો □

**બાળમનોવિજ્ઞાન (Child Psychology) :** ગર્ભાધાનથી લઈને પુખ્તાવસ્થા સુધીના વર્તનના વિકાસનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતી મનોવિજ્ઞાનની શાખા.

**ગર્ભાધાન (Conception) :** માતાના શરીરમાં માતાના અંડકોષની સાથે પિતાના શુક્રકોષનું મિલન થવાને પરિણામે એકકોષી જીવ અસ્તિત્વમાં આવે એ પ્રક્રિયા.

**વિકાસાત્મક મનોવિજ્ઞાન (Developmental Psychology) :** વય મુજબ વર્તનમાં થતા ફેરફારનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતી મનોવિજ્ઞાનની શાખા.

**કારક કૌશલ્યો (Motor Skills) :** જુદા જુદા સ્નાયુઓના સંયોજનને પરિણામે થતી ક્રિયાઓ. જેમકે; ચાલવાની, નિસરણી ચઢવાની અને ચીજવસ્તુઓને અમુક રીતે પકડવાની તેમજ ગોઠવવાની ક્રિયાઓ.

**સમાજીકરણ (Socialization) :** વ્યક્તિ સમાજના વર્તન અંગેનાં ધોરણો મુજબ વર્તતાં શીખે તે.

**સ્વ (Self) :** વ્યક્તિની પોતાની જાત માટે તેમજ તેના વર્તનના કર્તા તરીકે વપરાતો શબ્દ.

**શિશુઅવસ્થા (Infacny) :** જન્મથી સંપૂર્ણ રીતે માતાપિતાની અથવા અન્યની સંભાળમાં રહેવું પડે ત્યાં સુધીની બાળકની વય.

**કિશોરાવસ્થા (Adolescence) :** આશરે 13-14 વર્ષની વયથી યુવાવસ્થા સુધીની વય.

સામાન્ય રીતે છોકરીઓની 13 થી 21 વર્ષની વયને અને છોકરાઓની 14 થી 22 વર્ષની વયને કિશોરાવસ્થા તરીકે ઓળખાવાય છે.

**સમવયસ્ક (Peer) :** વય, બુદ્ધિ તેમજ અન્ય રીતે પોતાની સાથે સામ્ય ધરાવે એવો સાથી.

**મનોચિકિત્સા (Psychiatry) :** માનસિક રોગોના નિદાન તેમજ ઉપચાર સાથે સંબંધ ધરાવતી તબીબી વિજ્ઞાનની શાખા.

**ચિકિત્સાત્મક મનોવૈજ્ઞાનિક (Clinical Psychologist) :** વર્તનની મુશ્કેલીઓ કે માનસિક રોગોનાં મનોવૈજ્ઞાનિક પાસાંઓનાં સંશોધનો સાથે તેમજ તેમનું નિદાન અને માનસોપચાર દ્વારા તેમનો ઉપચાર કરવા સાથે સંબંધ ધરાવતો વિશેષજ્ઞ.

**શિશુરોગ વિજ્ઞાન (Pediatrics) :** બાળકોની બીમારીઓ સાથે સંબંધ ધરાવતી તબીબી વિજ્ઞાનની શાખા.

## [1] બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા

**☐ પ્રશ્ન 1. બાળમનોવિજ્ઞાનની વિવિધ વ્યાખ્યાઓ આપી, બાળમનોવિજ્ઞાનનો અર્થ સમજાવો.**

**અથવા**

**બાળમનોવિજ્ઞાન એટલે શું ? બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યાઓને આધારે તેનો અર્થ સમજાવો.**

**જવાબના મુદ્દાઓ**

[1] પ્રાસ્તાવિક [2] બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ [3] બાળમનોવિજ્ઞાનનો અર્થ

### [1] પ્રાસ્તાવિક

જેને આપણે બાળમનોવિજ્ઞાન કહીએ છીએ એ માટે આધુનિક મનોવૈજ્ઞાનિકો "ચાઇલ્ડ ડેવલપમેન્ટ" (બાળવિકાસ) એવા શબ્દનો ઉપયોગ કરવાનું વધુ પસંદ કરે છે. આનું કારણ એ છે કે બાળમનોવિજ્ઞાનમાં વાસ્તવમાં બાળકના વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, બાળમનોવિજ્ઞાન માટે આપણે "બાળવિકાસનું મનોવિજ્ઞાન" એવો શબ્દ પણ પ્રયોજી શકીએ. જોકે આ માટે "બાળમનોવિજ્ઞાન" એવો શબ્દ પણ એટલો જ પ્રચલિત છે. આમ, શાબ્દિક મૂંઝવણ ટાળવા માટે આપણે આ પ્રચલિત શબ્દનો જ વિશેષતઃ ઉપયોગ કરીશું.

### [2] બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ

બાળમનોવિજ્ઞાન એટલે કે બાળવિકાસનું મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની અને ખાસ કરીને વિકાસાત્મક મનોવિજ્ઞાનની મહત્ત્વની શાખા છે. જુદા જુદા લેખકોએ

બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા જુદી જુદી રીતે આપી છે.

બાળમનોવિજ્ઞાનની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

(1) "બાળમનોવિજ્ઞાન વ્યક્તિના જન્મપૂર્વેથી માંડીને તરુણાવસ્થા સુધીના વિકાસનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે." – ક્રો અને ક્રો

(2) "બાળમનોવિજ્ઞાન ગર્ભાધાનથી માંડીને પુખ્તાવસ્થા સુધીના બાળકના વિકાસ અને વર્તનનો અભ્યાસ કરે છે." – એલિઝાબેથ હરલૉક

(3) "બાળવિકાસનું મનોવિજ્ઞાન એટલે ગર્ભાધાનથી કિશોરાવસ્થા દરમિયાન મળતી માનવીય સાતત્ય અને પરિવર્તન અંગેની સમજ મેળવવા સાથે સંબંધ ધરાવતું અભ્યાસનું ક્ષેત્ર." – લૉરા ઈ. બર્ક

બાળમનોવિજ્ઞાનની ઉપરની વ્યાખ્યાઓ પરથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે :

(1) બાળમનોવિજ્ઞાન બાળકનું ગર્ભાધાન થાય એટલે કે બાળકના જન્મપૂર્વેથી શરૂ કરીને તરુણાવસ્થા સુધીનો અભ્યાસ કરે છે.

(2) બાળમનોવિજ્ઞાન બાળકના શારીરિક, કારક(ચેષ્ટા), બૌદ્ધિક, ભાષાકીય, આવેગિક, નૈતિક, વ્યક્તિત્વ વગેરે વિવિધ પ્રકારના વિકાસનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે.

## [3] બાળમનોવિજ્ઞાનનો અર્થ

જ્યારે બાળમનોવિજ્ઞાનનો મૂળભૂત આશય બાળવર્તનના વિકાસનો અભ્યાસ કરવા સાથે છે ત્યારે આપણે એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે બાળકનું વર્તન તેના શરીરનાં અંગો દ્વારા થાય છે અને બાળકના વર્તનનો વિકાસ તેના શરીરની વૃદ્ધિની સાથે થતો હોય છે. આમ, બાળકના વર્તનના વિકાસને સમજવા માટે તેના શરીરની વૃદ્ધિની સાથે થતી તેના શરીરનાં વિવિધ અંગોની રચના અને એ અંગો દ્વારા થતા વર્તનના વિકાસનો અભ્યાસ કરવો જરૂરી બને છે. જોકે બાળકના શરીરની વૃદ્ધિ કે વિકાસ જન્મ પછી જ થાય છે એમ હોતું નથી, પણ જ્યારે માતાના શરીરમાં બાળક એકકોષી જીવ તરીકે અસ્તિત્વમાં આવે છે ત્યારથી જ તેનો વિકાસ થવા લાગે છે. બીજા શબ્દોમાં માતાના શરીરમાં જ્યારે માતાના અંડકોષની સાથે પિતાના શુક્રકોષનું મિલન થાય છે, ત્યારે એ જ સમયે બાળક એકકોષી જીવ તરીકે અસ્તિત્વમાં આવે છે અને એ સમયથી જ તેની વૃદ્ધિ-વિકાસની યાત્રાનો પ્રારંભ થાય છે. માતાના અંડકોષની સાથે પિતાના શુક્રકોષનું

મિલન થતાં માતાના શરીરમાં એકકોષી જીવ અસ્તિત્વમાં આવે તેને "ગર્ભાધાન' કહેવામાં આવે છે. આમ, બાળકનો વિકાસ ગર્ભાધાનના સમયથી જ થવા લાગે છે એમ કહી શકાય. આ કારણથી બાળમનોવિજ્ઞાનમાં બાળકના વર્તનના વિકાસનો અભ્યાસ ગર્ભાધાનના સમયથી જ કરવામાં આવે છે એમ કહેવામાં આવે છે.

ગર્ભાધાનના સમયે જ્યારે બાળક એકકોષી જીવ તરીકે અસ્તિત્વમાં આવે છે એ પછી તરત જ એ એક જ કોષનું ઝડપથી દ્વિભાજન થવા લાગે છે. આમ, એક જ કોષમાંથી અનેક કોષો ઉત્પન્ન થવાની જે પ્રક્રિયા થાય છે એને લીધે બાળકનાં જુદાં-જુદાં અંગ-અવયવો આકાર લેવા લાગે છે અને ગર્ભાધાન પછીના આશરે નવમા મહિને બાળક એક પૂર્ણ શરીરના આકાર સાથે જન્મ લે છે. ગર્ભાધાનના સમયે એકકોષી જીવ તરીકે બાળકનું કદ સોયના એક ટપકા જેટલું જ હોય છે, પણ માતાના શરીરમાં એ એક કોષનું દ્વિભાજન ભૌમિતિક શ્રેણીમાં અત્યંત ઝડપથી શરીરનો આકાર ગ્રહણ થાય એ રીતે વૃદ્ધિ પામે છે. માતાના શરીરમાં બાળકની આવી ઝડપી વૃદ્ધિ વિશે એવું અનુમાન કરવામાં આવ્યું છે કે જો જન્મ પછી પણ બાળકનું શરીર આ રીતે જ વૃદ્ધિ પામતું રહે તો માત્ર છ વર્ષમાં તેના શરીરનું કદ સમગ્ર સૂર્યમાળાને આવરી લે એટલું મોટું થઈ જાય !

જન્મ પછી પણ તેના શરીરની વૃદ્ધિ જન્મ પહેલાંની વૃદ્ધિની સરખામણીમાં ધીમી ગતિએ પણ થતી રહે છે અને તેની સાથે સાથે તેના વર્તનનો વિકાસ પણ થાય છે. સામાન્ય રીતે જ્યાં સુધી શરીરની વૃદ્ધિ થયા કરતી હોય ત્યાં સુધીની અવસ્થાને જ બાળઅવસ્થા ગણવામાં આવે છે. આવી વૃદ્ધિ કિશોરાવસ્થાના અંતમાં એટલે કે યૌવનાવસ્થાના આરંભ સુધી થાય છે. આમ, બાળમનોવિજ્ઞાનમાં બાળકના વર્તનનો અભ્યાસ ગર્ભાધાનથી યૌવનાવસ્થા સુધી થાય છે. આ પરથી બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા આપણે આ મુજબ આપી શકીએ :

"બાળમનોવિજ્ઞાન એટલે ગર્ભાધાનથી લઈને યૌવનાવસ્થા સુધીના વર્તનના વિકાસનો અભ્યાસ કરવા સાથે સંબંધ ધરાવતી મનોવિજ્ઞાનની શાખા."

કંઈક આ જ રીતે લોરા ઈ. બર્ક પણ બાળવિકાસના મનોવિજ્ઞાનની વ્યાખ્યા આપે છે. આ વ્યાખ્યા નીચે મુજબ છે :

**બાળવિકાસનું મનોવિજ્ઞાન એટલે... "ગર્ભાધાનથી કિશોરાવસ્થા દરમિયાન મળતી માનવીય સાતત્ય અને પરિવર્તન અંગેની સમજ મેળવવા સાથે સંબંધ ધરાવતું અભ્યાસનું ક્ષેત્ર."**

## [2] બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ

☐ પ્રશ્ન 2. બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ સમજાવો.

અથવા

બાળમનોવિજ્ઞાનની વિવિધ વ્યાખ્યાઓ આપી, તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

અથવા

બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા અને સ્વરૂપ સમજાવો.

**જવાબના મુદ્દાઓ**

[1] પ્રાસ્તાવિક [2] બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ

(મિત્રો, 'બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ' માટે જુઓ પ્રશ્ન નં. 1ના જવાબનો બીજો મુદ્દો.)

### [1] પ્રાસ્તાવિક

બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ એટલે એક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાનનું સ્થાન. એક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન કેવું સ્થાન ધરાવે છે એ જાણવા માટે તેમાં કેવી બાબતોનો અભ્યાસ કેવાં દૃષ્ટિબિંદુઓ મુજબ થાય છે એની તેમજ આ પ્રકારના અભ્યાસ માટે તે અન્ય વિજ્ઞાનો સાથે કેવો સંબંધ ધરાવે છે એની સમજૂતી મેળવવી જોઈએ. આ સંદર્ભમાં અહીં બાળમનોવિજ્ઞાનના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે :

### [2] બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ

બાળમનોવિજ્ઞાનના સ્વરૂપને નીચેના મુદ્દાઓ દ્વારા સમજાવી શકાય :

(1) મનોવિજ્ઞાનની એક શાખા તરીકે બાળમનોવિજ્ઞાન
(2) વિકાસાત્મક મનોવિજ્ઞાનની શાખા તરીકે બાળમનોવિજ્ઞાન
(3) એક વર્ણનાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન
(4) એક સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન
(5) શરીરવિજ્ઞાન સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ
(6) સામાજિક વિજ્ઞાનો સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ
(7) સૈદ્ધાંતિક અને વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓ મુજબ બાળવર્તનનો અભ્યાસ કરવા સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ.

**1. મનોવિજ્ઞાનની એક શાખા તરીકે :**

મનોવિજ્ઞાનમાં વર્તનનો અભ્યાસ થાય છે, પણ વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. આ રીતે બાળમનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક શાખા બને છે.

**2. વિકાસાત્મક મનોવિજ્ઞાનની શાખા તરીકે બાળમનોવિજ્ઞાન :**

મનોવિજ્ઞાનમાં બાલ્યાવસ્થાથી લઈને વૃદ્ધાવસ્થા સુધી જે કંઈ શારીરિક પરિવર્તનો થાય છે એને લીધે વર્તનમાં કેવાં પરિવર્તનો આવે છે એ અંગેનો અભ્યાસ તેની એક શાખા દ્વારા થાય છે. મનોવિજ્ઞાનની આ શાખાને **વિકાસાત્મક મનોવિજ્ઞાન** કહેવામાં આવે છે. વિકાસાત્મક મનોવિજ્ઞાનમાં સમગ્ર જીવનને આવરી લેવાય એ રીતે વર્તનના વિકાસનો અભ્યાસ થાય છે. આમાંથી બાળવર્તનના વિકાસનો અભ્યાસ બાળમનોવિજ્ઞાન દ્વારા થાય છે. આ રીતે બાળમનોવિજ્ઞાન વિકાસાત્મક મનોવિજ્ઞાનની એક શાખા બને છે.

**3. એક વર્ણનાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન :**

બાળમનોવિજ્ઞાનમાં ગર્ભાધાનથી લઈને પુખ્તાવસ્થાના પ્રારંભ સુધી બાળકના વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એનું વર્ણન કરવામાં આવે છે અને તેથી બાળમનોવિજ્ઞાનને એક વર્ણનાત્મક વિજ્ઞાન તરીકે ઓળખાય છે.

**4. એક સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન :**

બાળમનોવિજ્ઞાનમાં જુદી જુદી વય દરમિયાન જોવા મળતાં વર્તનોનું માત્ર વર્ણન જ થતું નથી, પણ તેમાં જુદી જુદી વયે બાળકમાં થતાં વર્તનનાં પરિવર્તનોનું સ્પષ્ટીકરણ પણ આપવામાં આવે છે. એટલે કે બે વર્ષની વયે બાળક નિસરણી ચઢવાનું વર્તન કરતું નથી, પણ ત્રણ વર્ષની વયે તેનામાં આવી પરિપક્વતા આવે છે અને આવી પરિપક્વતામાં વયની સાથે થતાં શારીરિક પરિવર્તનો તેમજ બાહ્ય વાતાવરણ દ્વારા મળતી તાલીમ કેવો ભાગ ભજવે છે એનું સ્પષ્ટીકરણ આપવા સાથે પણ બાળમનોવિજ્ઞાન સંબંધ ધરાવે છે. આ રીતે બાળમનોવિજ્ઞાન જુદાં જુદાં પ્રકારનાં વર્તનોના વિકાસમાં શારીરિક પરિપક્વતા અને બાહ્ય વાતાવરણની અસર કેવો બાગ ભજવે છે એનું સ્પષ્ટીકરણ કરે છે. આ કારણને લીધે બાળમનોવિજ્ઞાનને એક સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે.

**5. શરીરવિજ્ઞાન સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ :**

વર્તનના વિકાસનો એક અગત્યનો આધાર શારીરિક વિકાસ ઉપરાંત શરીરમાં વય મુજબ થતાં રહેતાં પરિવર્તનો છે. આ બાબતનો અભ્યાસ શરીરવિજ્ઞાન દ્વારા

થાય છે. વર્તનના વિકાસ સાથે સંબંધિત શરીર અંગેની આવી માહિતી બાળમનોવિજ્ઞાનને ઉપલબ્ધ કરાવવાનું કાર્ય શરીરવિજ્ઞાન દ્વારા થાય છે. આ રીતે બાળમનોવિજ્ઞાન શરીરવિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે.

**6. સામાજિક વિજ્ઞાનો સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ :**

જે સામાજિક વિજ્ઞાનો સાથે બાળમનોવિજ્ઞાન સંબંધ ધરાવે છે તેમાં મુખ્ય બે વિજ્ઞાનો છે: એક, સમાજશાસ્ત્ર અને બે, નૃવંશશાસ્ત્ર. આ વિજ્ઞાનોમાં માનવીના જૂથનાં વર્તનોનો અભ્યાસ થાય છે. જોકે માનવીના સામાજિક વર્તનનો અભ્યાસ વ્યક્તિને કેન્દ્રમાં રાખી જે વિજ્ઞાન કરે છે તે છે: "સમાજલક્ષી મનોવિજ્ઞાન" નામની મનોવિજ્ઞાનની એક શાખા. તેમાં સામાજિક વર્તનનો અભ્યાસ થતો હોવાથી તેને પણ સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખાવવામાં આવે છે. બાળકના સામાજિક વર્તનનો વિકાસ વ્યક્તિગત દૃષ્ટિએ સામાજિક જૂથોની અસરને પરિણામે કેવી રીતે થાય છે એ અંગેની માહિતી બાળમનોવિજ્ઞાનના આ પ્રકારનાં સામાજિક વિજ્ઞાનો દ્વારા મળે છે. આ રીતે બાળમનોવિજ્ઞાન સામાજિક વિજ્ઞાનો સાથે સંબંધ ધરાવે છે.

**7. સૈદ્ધાંતિક અને વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓ :**

બાળમનોવિજ્ઞાન મૂળભૂત રીતે બાળવર્તનમાં વય મુજબ થતા વર્તનના વિકાસનાં ધોરણો અંગેના સિદ્ધાંતો આપવા સાથે સંબંધ ધરાવે છે અને આ સંદર્ભમાં તે સૈદ્ધાંતિક દૃષ્ટિબિંદુ મુજબ વર્તનના વિકાસનો અભ્યાસ કરે છે, પણ બાળમનોવિજ્ઞાન બાળવર્તનનો માત્ર સૈદ્ધાંતિક અભ્યાસ કરવા સાથે જ સંબંધ ધરાવે છે એમ નથી. તેમાં બાળવર્તનનો સ્વસ્થ રીતે વિકાસ કેવી રીતે થાય એનો અભ્યાસ પણ થાય છે. આ પ્રકારનો અભ્યાસ માતાપિતા, શિક્ષકો તેમજ સમગ્ર સમાજ માટે અત્યંત ઉપયોગી છે. આમ, બાળમનોવિજ્ઞાનમાં બાળવર્તનના વિકાસનો અભ્યાસ સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક, એમ બંને પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ મુજબ થાય છે.

## [3] બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર

**☐ પ્રશ્ન 2. બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રની ચર્ચા કરો.**

**અથવા**

**બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા આપી, તેના અભ્યાસક્ષેત્રની ચર્ચા કરો.**

**જવાબના મુદ્દાઓ**

[1] પ્રાસ્તાવિક [2] બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર [3] ઉપસંહાર

### [1] પ્રાસ્તાવિક

બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર એટલે બાળમનોવિજ્ઞાનમાં બાળવર્તનના વિકાસનાં જે પાસાંઓનો સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી અભ્યાસ થતો હોય તે. આ રીતે બાળવર્તનના વિકાસના સંદર્ભમાં બાળમનોવિજ્ઞાનમાં વિકાસનાં જે પાસાંઓનો અભ્યાસ થાય છે, એ અંગેની સંક્ષિપ્ત રજૂઆત અહીં આપવામાં આવી છે.

### [2] બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર

બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં બાળકના વિવિધ સ્વરૂપના વિકાસનો સમાવેશ થાય છે. બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે :

(1) જૈવિક આધારો અને જન્મપૂર્વેનો વિકાસ
(2) શિશુઅવસ્થાનો શારીરિક વિકાસ અને આરંભની શીખવાની ક્રિયા
(3) કિશોરાવસ્થાના શારીરિક ફેરફારો અને વર્તનનો વિકાસ
(4) બોધાત્મક વિકાસ અને ભાષાકીય વિકાસ
(5) આવેગિક વિકાસ
(6) સમાજીકરણ અને "સ્વ"નો વિકાસ
(7) નૈતિક વિકાસ
(8) જાતિગત (સૅક્સ) ભિન્નતાઓનો વિકાસ
(9) સમવયસ્કો અને શાળાની અસરો

**1. જૈવિક આધારો અને જન્મપૂર્વેનો વિકાસ :**

વર્તનના વિકાસનો આધાર તેના જન્મપૂર્વેના માતાના શરીરમાં થતા વિકાસ પર નિર્ભર કરે છે. આમ, ગર્ભાધાનના સમયે એકકોષી જીવ તરીકે બાળકને માતાપિતા દ્વારા મળતા શારીરિક કે જૈવિક વારસાનું સ્વરૂપ કેવું હોય છે ત્યાંથી લઈને જન્મ સુધીના સમયગાળા દરમિયાન તેના શરીરની વૃદ્ધિ કેવી રીતે થાય છે તેમજ આ સમય દરમિયાન માતાના ગર્ભાશયમાં તેના વિકાસ પર કઈ બાબતોની વિધાયક તેમજ નિષેધક અસર થાય છે એ બાબતોનો અભ્યાસ

બાળમનોવિજ્ઞાનમાં થાય છે. તેની સાથે જ જન્મ સમયે બાળકના શરીર પર કેવી બાબતોની વિધાયક તેમજ નિષેધક અસરો થાય છે એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**2. શિશુઅવસ્થાનો શારીરિક વિકાસ અને આરંભની શીખવાની ક્રિયા :**

શિશુઅવસ્થામાં શરીરના વિકાસની સાથે બાળકમાં વિવિધ ક્રિયાઓ કરવાની પરિપક્વતા આવવા લાગે છે અને તે શરીરના સ્નાયુઓનો ઉપયોગ કરીને જુદાં જુદાં કૌશલ્યો કરતાં શીખે છે. તેની સાથે જ શિશુની પ્રત્યક્ષીકરણ કરવાની ક્ષમતા પણ વધે છે. એને પરિણામે તેનામાં સ્પર્શ, સ્વાદ, ગંધ, દૃષ્ટિ, ધ્વનિ વગેરેનો ભેદ પારખવાની શક્તિનો વિકાસ થાય છે. શિશુની આ પ્રકારની શીખવાની ક્રિયાઓનો વિકાસ પરિપક્વતા અને વાતાવરણની અસરને લીધે કેવી રીતે થાય છે તે અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**3. કિશોરાવસ્થાના શારીરિક ફેરફારો અને વર્તનનો વિકાસ :**

કિશોરાવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ તો ઝડપથી થાય છે, પણ તેની સાથે સાથે તેના શરીરની ગ્રંથિઓના સ્રાવમાં યે બદલાવ આવે છે. એની અસરને લીધે તે પોતાની જાતિ (સેક્સ) અંગેની વિશેષ ઓળખ મેળવે છે અને આવી વિશેષ ઓળખને લીધે તેને છોકરા કે છોકરી તરીકે કેવી રીતે વર્તવું જોઈએ એ અંગેની સમજનો વિકાસ થાય છે. બાળક માટે આ સમયગાળો સંક્રમણકાળ તરીકે ઓળખાય છે. આવા સંક્રમણકાળમાં સ્વાભાવિક રીતે જ તેનામાં માનસિક સંઘર્ષ સર્જાય છે અને તેને લીધે વર્તનની કેટલીક સમસ્યાઓ પણ ઉપસ્થિત થાય છે. બાળમનોવિજ્ઞાનમાં આવો સંક્રમણકાળ કેવી રીતે સમસ્યારૂપ બને છે એ અંગેનો અભ્યાસ થાય છે.

**4. બોધાત્મક વિકાસ અને ભાષાકીય વિકાસ :**

બાળકનો બોધાત્મક અને ભાષાકીય વિકાસ સમાંતર રીતે થતો હોય છે. આવો વિકાસ કેવી રીતે થાય છે એ વિશેના જુદા જુદા સિદ્ધાંતો મનોવૈજ્ઞાનિકોએ આપ્યા છે. આ સિદ્ધાંતો મુજબ બાળકનો બોધાત્મક વિકાસ કેવી રીતે થાય છે એનો તેમજ એની સાથે તેનો ભાષાકીય વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**5. આવેગિક વિકાસ :**

વ્યક્તિના વર્તનમાં દુઃખ, આનંદ, ભય, ક્રોધ, ઈર્ષ્યા, સહાનુભૂતિ વગેરે જેવા આવેગો કે લાગણીઓ અગત્યનો ભાગ ભજવે છે. આવા આવેગોનો વિકાસ

જો યોગ્ય રીતે ન થાય તો તેને લીધે અનેક સમસ્યાઓ સર્જાતી હોય છે. બાળમનોવિજ્ઞાનમાં આવા આવેગોના વિકાસમાં સામાજિક પરિબળો કેવો ભાગ ભજવે છે તેનો તેમજ આ આવેગોની વર્તન પર થતી વિધાયક અને નિષેધક અસરોનો અભ્યાસ થાય છે. તેની સાથે જ બાળકોની યોગ્ય આવેગિક અભિવ્યક્તિનો વિકાસ કેવી રીતે શક્ય બને એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**6. સમાજીકરણ અને "સ્વ"નો વિકાસ :**

બાળક સમાજના વર્તનનાં ધોરણો મુજબ વર્તતાં શીખે એને સમાજીકરણ કહેવામાં આવે છે. આ કારણને લીધે જ જુદા જુદા સમાજો કે સંસ્કૃતિઓમાં લોકોના વર્તનની જુદી જુદી તરાહો જોવા મળે છે. બાળમનોવિજ્ઞાનમાં કુટુંબ તેમજ સામાજિક સંસ્કૃતિની અસરને પરિણામે તેનું સમાજીકરણ કેવી રીતે થાય છે એનો અભ્યાસ તો થાય છે; પણ આ ઉપરાંત તેમાં બાળકની પોતાની આગવી ઓળખરૂપ "સ્વ"નો વિકાસ કેવી રીતે થાય છે એનો અભ્યાસ પણ કરવામાં આવે છે.

**7. નૈતિક વિકાસ :**

સમાજમાં કયું વર્તન "યોગ્ય" અને કયું વર્તન "અયોગ્ય" કહેવાય એ બાબત સાથે નૈતિક વર્તનનો સંબંધ છે. બાળકના સ્વસ્થ વિકાસના સંદર્ભમાં તેનો નૈતિક દૃષ્ટિએ યોગ્ય વિકાસ થાય એ જરૂરી છે. આમ, બાળમનોવિજ્ઞાનમાં કુટુંબ, સમાજ અને શાળા વગેરે બાળકના નૈતિક વિકાસમાં કેવો ફાળો આપે છે એનો તેમજ બાળકનો નૈતિક વિકાસ યોગ્ય રીતે કેવી રીતે શક્ય બને એ અંગેનો અભ્યાસ કરવામાં આવે છે.

**8. જાતિગત (સૅક્સ) ભિન્નતાઓનો વિકાસ :**

બાળક પોતે છોકરો છે કે છોકરી છે એનો ખ્યાલ તેને શિશુઅવસ્થાથી જ આવવા લાગે છે તેમજ માતાપિતા અને અન્ય લોકો પણ તેની સાથે તેની જાતિ મુજબ વર્તે છે. બાળકની પોતાની જાતિ વિશેની ઓળખમાં અન્ય લોકોનું તેના પ્રત્યેનું વર્તન કેવો ભાગ ભજવે છે એનો અભ્યાસ તો બાળમનોવિજ્ઞાનમાં થાય છે, પણ તેની સાથે તેમના શારીરિક ફેરફારો આ સંદર્ભમાં કેવો ફાળો આપે છે તેનો અભ્યાસ તેમાં થાય છે. આ ઉપરાંત, જાતિગત ભિન્નતાને પરિણામે છોકરાઓ અને છોકરીઓમાં શારીરિક અને માનસિક શક્તિઓની દૃષ્ટિએ કેવી ભિન્નતાઓ હોય છે તે અંગેને અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

9. **સમવયસ્કો અને શાળાની અસરો :**

બાળકના વર્તનમાં સમવયસ્ક મિત્રોની, શાળાની અને સમૂહમાધ્યમોની નોંધપાત્ર રીતે અસર થતી હોય છે. આવી અસરો તેના વર્તનના વિકાસમાં કેવી રીતે ભાગ ભજવે છે એનો અભ્યાસ તો બાળમનોવિજ્ઞાનમાં થાય છે જ, પણ સાથે સાથે તેમાં આવી બધી અસરોને લીધે બાલ્યાવસ્થા પછીના સમયમાં યૌવનાવસ્થામાં એક પુખ્ત વ્યક્તિ તરીકે એનું સંક્રમણ કેવી રીતે શક્ય બને છે એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં આવરી લેવામાં આવે છે.

### [4] ઉપસંહાર

ટૂંકમાં, ગર્ભાધાનથી યૌવનાવસ્થા સુધીના સમયગાળા દરમિયાન થતા વિકાસ પર જે કંઈ ઘટકો અસર કરે છે એ બધાનો અભ્યાસ સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓ મુજબ બાળમનોવિજ્ઞાનમાં કરવામાં આવે છે.

## [4] બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ

☐ **પ્રશ્ન 4. બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ સમજાવો.**

**અથવા**

**બાળમનોવિજ્ઞાન એટલે શું ? બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ સવિસ્તર સમજાવો.**

**અથવા**

**“બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ માત્ર મનોવિજ્ઞાનમાં જ નહિ, પણ અન્ય ક્ષેત્રોમાં યે છે.” – આ કથનની ચર્ચા કરો.**

**જવાબના મુદ્દાઓ**

[1] પ્રાસ્તાવિક [2] બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ [3] ઉપસંહાર

### [1] પ્રાસ્તાવિક

બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ મનોવિજ્ઞાનમાં તો વર્તનના વિકાસને સમજવાના સંદર્ભમાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ રહેલું તો છે જ, પણ વ્યાવહારિક દૃષ્ટિએ વિચારીએ તો તેનું મહત્ત્વ માતાપિતા, શિક્ષકો તેમજ જે કંઈ લોકો માનવીના વ્યક્તિગત અને સામાજિક ઉત્કર્ષમાં અભિરુચિ ધરાવે છે એ બધાંય માટે રહેલું છે. આ કારણને લીધે જ “બાળક માનવીનો પિતા છે”, “આજનો બાળક આવતીકાલનો નાગરિક છે”, “બાળકો ઈશ્વરના દેવદૂતો છે” વગેરે પ્રકારનાં વાક્યો સામાન્ય લોકોની વાતચીતમાં બોલાતાં હોય છે. **રવિન્દ્રનાથ ટાગોરે** બાળકો

વિશે એમ કહ્યું છે કે, "રાષ્ટ્રનાં બાળકો રાષ્ટ્રની સૌથી અગત્યની મહામૂલી મિલકત છે અને રાષ્ટ્રનું ભવિષ્ય બાળકોના યોગ્ય વિકાસ પર નિર્ભર કરે છે." સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો)ના બાળઅધિકારો માટેના ખતપત્રના આરંભમાં આવું વાક્ય ટાંકવામાં આવ્યું છે : "જે કંઈ ઉત્તમ રીતે આપી શકાય એ આપવા માટે માનવજાત બાળકોની દેવાદાર છે." આવાં બધાં વાક્યો બાળમનોવિજ્ઞાનના અભ્યાસનો મહત્ત્વનો ખ્યાલ આપે છે.

વીસમી સદી દરમિયાન મનોવિજ્ઞાનમાં બાળવર્તનના જે કંઈ અભ્યાસો થયા છે એને લીધે પહેલાંની સરખામણીમાં બાળકોના ઉછેર પ્રત્યે લોકોમાં બાળકો પ્રત્યેનાં મનોવલણોમાં ગણનાપાત્ર રીતે બદલાવ આવ્યો છે. હવે બાળકોને "નાના કદના માનવી" તરીકે ઓળખાવવામાં આવતાં નથી અને હવે માત્ર તેમની શારીરિક જરૂરિયાતો પ્રત્યે જ નહિ, પણ તેમની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો પ્રત્યે પણ લોકોમાં સારા જેવી સમજ આવી છે. આમ, માતાપિતા તો બાળકોના યોગ્ય ઉછેર પ્રત્યે વધુ સભાન બન્યાં છે જ, પણ સમગ્ર સમાજમાં પણ આ અંગેની સભાનતામાં વધારો થયો છે. આ કારણને લીધે જ દરેક રાષ્ટ્રમાં બાળકોના યોગ્ય વિકાસના સંદર્ભમાં અલાયદું ભંડોળ ફાળવવામાં આવે છે અને ઠેર ઠેર માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ નહિ, પણ બાળકલ્યાણ અંગેનાં કેન્દ્રો સ્થાપિત કરવાની પ્રવૃત્તિઓ પ્રત્યે વિશેષ ધ્યાન અપાવા લાગ્યું છે. આમ, હવે માનવસમાજ બાળકોના યોગ્ય વિકાસ પ્રત્યે વધુ સભાન બન્યો હોવાથી બાળવર્તન અંગેના વૈજ્ઞાનિક અભ્યાસોને વધુ મહત્ત્વ અપાવા લાગ્યું છે.

## [2] બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ

બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ માત્ર બાળઉછેર કે બાળશિક્ષણનાં ક્ષેત્રોમાં જ નહિ, પણ અન્ય ક્ષેત્રોમાંએ રહેલું છે.

બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ નીચેનાં ક્ષેત્રોમાં જોવા મળે છે :

[1] વર્તનવિકાસ

[2] બાળઉછેર

[3] સમસ્યારૂપ બાળવર્તન

[4] મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાન

[5] તબીબી વિજ્ઞાન

[6] વ્યક્તિગત ભિન્નતાઓ

[7] શિક્ષણ અને બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન

**1. વર્તનવિકાસ :**

મૂળભૂત રીતે બાળમનોવિજ્ઞાનમાં વ્યક્તિના વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનો અભ્યાસ થાય છે. આ રીતે તે મનોવિજ્ઞાન કે જેમાં વર્તનનો સમગ્રતયા અભ્યાસ કરવામાં આવે છે તેને વર્તનના વિકાસ અંગેની માહિતી પૂરી પાડવાનું કાર્ય કરે છે. બાળમનોવિજ્ઞાનમાં બાલ્યાવસ્થાના જુદા જુદા તબક્કાઓમાં વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનાં ધોરણો આપવામાં આવે છે અને આ રીતે તેમાં પુખ્તાવસ્થાને જુદા જુદા પ્રકારનું વર્તન શા માટે અમુક રીતે વિકસિત થાય છે એની સમજૂતીઓ આપવામાં આવે છે.

**2. બાળઉછેર :**

દરેક માતાપિતા પોતાનાં બાળકોનો યોગ્ય રીતે ઉછેર થાય એમ ઇચ્છતાં હોય છે કે જેથી બાળકો પુખ્તાવસ્થાએ પોતાનામાં જરૂરી આવડતો નિર્માણ કરી ઉત્તમ રીતે જીવનનિર્વાહ કરવા માટે સમર્થ બને. બાળમનોવિજ્ઞાન દ્વારા તેમની કઈ વયે તેમનામાં કેવી આવડતો પ્રાપ્ત કરવાની પરિપક્વતા આવે છે એ અંગેની માહિતી પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત બાળમનોવિજ્ઞાન દ્વારા માતાપિતાને એ હકીકતની પણ જાણકારી મળે છે કે બાળકના યોગ્ય ઉછેર માટે માત્ર તેમની શારીરિક જરૂરિયાતો પૂરી પાડવી જ પૂરતી નથી, પણ એ માટે તેમની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોને સંતોષ મળે તેની પણ અગત્ય હોય છે. આમ, બાળમનોવિજ્ઞાન દ્વારા માતાપિતાને બાળકના યોગ્ય ઉછેર અંગેનું માર્ગદર્શન મળી રહે છે.

**3. સમસ્યારૂપ બાળવર્તન :**

બાલ્યાવસ્થામાં કેટલાંકમાં જીદીપણું, કજિયો કર્યા કરવો, રિસાઈ જવું, ઘરમાં ચોરી કરવી, રાત્રે પથારી પલાળવી, જૂઠું બોલવું, શાળાનો અભ્યાસ નિયમિત રીતે ન કરવો વગેરે અનેક પ્રકારનાં સમસ્યારૂપ વર્તનો જોવા મળે છે. બાળકનાં આવાં સમસ્યારૂપ વર્તનો માતાપિતા માટે પણ આગવી સમસ્યાઓ ઉપસ્થિત કરે છે. બાળમનિવોજ્ઞાનમાં આવા સમસ્યારૂપ વર્તનો કેવાં કારણોને લીધે સર્જાય છે એ અંગેનો અભ્યાસ થાય છે અને સાથે સાથે આવી સમસ્યાઓ કેવી રીતે દૂર થાય એનો પણ અભ્યાસ થાય છે. આવી માહિતી માત્ર માતાપિતા માટે જ નહિ, પણ શિક્ષકો તેમજ જે કોઈને બાળકો સાથે સંપર્કમાં આવવાનું થાય છે એ બધાંય માટે ઉપયોગી હોય છે.

**4. મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાન :**

મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાનનો સંબંધ વર્તનની વિકૃતિઓનો

અભ્યાસ કરવા સાથે છે. વર્તનની વિકૃતિઓનાં શારીરિક કારણો ઉપરાંત મનોવૈજ્ઞાનિક કારણો પણ હોય છે. મોટા ભાગની વર્તનની વિકૃતિઓનાં મનોવૈજ્ઞાનિક કારણો બાલ્યાવસ્થા દરમિયાન ઉપસ્થિત થતાં હોય છે. આમ, બાલ્યાવસ્થામાં ઉપસ્થિત થતાં કેવાં કારણોને લીધે વર્તનની વિકૃતિઓ સર્જાય છે એનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. બાળમનોવિજ્ઞાન મનોચિકિત્સા અને ચિકિત્સાત્મક મનોવિજ્ઞાનને આવાં કારણો અંગેની માહિતી આપે છે.

**5. તબીબી વિજ્ઞાન :**

તબીબી વિજ્ઞાનની એક શાખને **શિશુરોગવિજ્ઞાન** કહેવામાં આવે છે. જે તબીબો શિશુઓના રોગોનો ઉપચાર કરે છે તેમને આમ તો બાળકની શારીરિક તપાસને પરિણામે જે તે રોગ અંગેની માહિતી મળે છે, પણ જ્યારે બાળકમાં કોઈ રોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેની અસર તેના વર્તન પર થતી હોય છે, જ્યારે બાળક પોતાની વય મુજબનું સામાન્ય વર્તન અભિવ્યક્ત ન કરે ત્યારે તેના દ્વારા એ બાળક કોઈ શારીરિક મુશ્કેલીથી પીડાતું હશે તેવું અનુમાન થઈ શકે છે. આમ, તબીબોને જુદી જુદી વયે બાળકનું સામાન્ય વર્તન કેવું હોય છે તે અંગેની માહિતી મળે છે. આ રીતે તબીબી વિજ્ઞાન માટે પણ બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ રહેલું છે.

**6. વ્યક્તિગત ભિન્નતાઓ :**

જે રીતે બાળકના શારીરિક દેખાવમાં ભિન્નતા હોય છે, બરાબર તે જ રીતે બાળકોમાં જુદી જુદી માનસિક શક્તિઓની દૃષ્ટિએ પણ ભિન્નતાઓ હોય છે. આ કારણોને લીધે બધાં જ બાળકોમાં બુદ્ધિશક્તિ જેવી સામાન્ય શક્તિ ઉપરાંત ગણિતની શક્તિ, શાબ્દિક શક્તિ, સંગીતની શક્તિ, ચિત્રકળાની શક્તિ વગેરે જેવી વિશિષ્ટ શક્તિઓ સમાન હોતી નથી. બાળકમાં કુદરતી રીતે જે પ્રકારની વિશિષ્ટ શક્તિ વધુ હોય તેને એ શક્તિનો વિકાસ વધુ થાય તેવી સગવડો કુટુંબ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આપવાની સગવડ ઉપસ્થિત કરવામાં આવે તો બાળકમાં એ અંગેનો વિકાસ વધુ થવાની શક્યતાઓ રહેતી હોય છે. આમ બાળમનોવિજ્ઞાન દ્વારા બાળકોની આવી વ્યક્તિગત ભિન્નતાઓ વિશેની માહિતી કુટુંબ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ માટે ઉપયોગી હોય છે.

**7. શિક્ષણ અને બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન :**

ભારત સરકાર દ્વારા તેની પંચવર્ષીય યોજનામાં બાળકોના શારીરિક અને મનોવૈજ્ઞાનિક વિકાસ માટેનું ખાસ ફંડ ફાળવવામાં આવે છે. આવા ફંડનો એક

આશય ગર્ભાધાનથી બાળકનો યોગ્ય રીતે વિકાસ થાય તે માટે ગર્ભવતી માતાઓને તેમજ જન્મ પછી બાળકોના યોગ્ય શારીરિક અને માનસિક વિકાસ માટે કેવી તબીબી તેમજ અન્ય પ્રકારની સગવડો પૂરી પાડવાની હોય છે. આવું કાર્ય **સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો)**ની **યુનિસેફ** નામની સંસ્થા પણ વિશ્વનાં રાષ્ટ્રોમાં કરે છે. આ માટે પ્રસૂતિકેન્દ્રો, સ્વાસ્થ્યકેન્દ્રો, બાળકલ્યાણકેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેની સ્થાપના કરવાનો માર્ગ અપનાવાય છે. **યુનિસેફ** આવી સંસ્થાઓની સ્થાપના કરવા માંટે વિશ્વનાં રાષ્ટ્રોને સલાહ-સૂચન તેમજ આર્થિક સહાય પૂરી પાડવાનું કાર્ય કરે છે. આવી સંસ્થાઓની સ્થાપના કરવા માટે બાળમનોવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને આધારે જુદી જુદી વયનાં બાળકોની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો ધ્યાનમાં રાખવામાં આવે છે. આમ, બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન નિશ્ચિત કરવાના સંદર્ભમાં બાળમનોવિજ્ઞાન દ્વારા ઉપલબ્ધ થતી માહિતીનું મહત્ત્વ સમજી શકાય તેમ છે.

### [3] ઉપસંહાર

આમ, બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ અનેક ક્ષેત્રોમાં રહેલું છે. એક રીતે આપણે એમ પણ કહી શકીએ કે બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ સમગ્ર માનવસમાજના કલ્યાણના સંદર્ભમાં રહેલું છે.

## ટૂંકનોંધો

☐ **નીચેના વિશે ટૂંકનોંધ લખો.**

**(1) બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ :**

જુઓ પ્રશ્ન નં. 1ના ઉત્તરનો બીજો મુદ્દો

**(2) બાળમનોવિજ્ઞાનનો અર્થ :**

જુઓ પ્રશ્ન નં. 1ના ઉત્તરનો ત્રીજો મુદ્દો

**(3) બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ :**

જુઓ પ્રશ્ન નં. 2ના ઉત્તરનો બીજો મુદ્દો

**(4) બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**

જુઓ પ્રશ્ન નં. 3ના ઉત્તરનો બીજો મુદ્દો

**(5) બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્ત્વ :**

જુઓ પ્રશ્ન નં. 4ના ઉત્તરનો બીજો મુદ્દો

☐